અપીલ અરજી નં.૨૫૪ તા.૯–૯–૧૧/ ૨૫૮ તા.૧૨–૯–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કે.એ.ઘીવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે.એ.ઘીવાલાની તા.૯–૮–૧૧ની અરજીથી વોર્ડ નં. ૧૨/૧૩૫૨વાળી મિલ્કત પૈકીમાં થયેલ રીપેરીંગ અંગે મુદ્દા નં.(૧) આપે મોકલાવેલ પેપર્સોમાં ૧૨/૧૩૫૨ ના રીપેરીંગ થયેલ ટેનામેન્ટના છે તો ૧૨/૧૩૫૨ માં તા. ૨૭–૩–૦૮ના રીપેરીંગની રજા માંગતી કરેલ અરજી તા. ૨૮–૩–૦૮ના રેકર્ડ પર દાખલ છે. જેનો એન્ટ્રી નં.સી.ઝેડ/ એન્જી./ઈન/૨૨૬૩૧ છે. તે તા. ૨૮–૩–૦૮ના દાખલ કરેલ અરજીવાળા રીપેરીંગ થનાર ટેનામેન્ટનો નંબર જણાવશો કે ૧૨/૧૩૫૨ વાળી મિલ્કત પૈકીમાં અરજી કરવામાં આવેલ છે. તા. ૨૭–૩–૦૮ના સૈયદ સબિયા, સૈયદ અબ્બાસ ધ્વારા નીચે મુજબનું રીપેરીંગ કરવાનું છે એમ જણાવી રીપેરીંગ કરવાની રજા માંગતી અરજી કરેલ છે. તે અરજી કરવામાં આવેલ છે તે જ ટેનામેન્ટનો નંબર શું હતો ? જણાવશો. વિ. મુદ્દા નં. (૧) થી (૪) ની માહિતી આપવા બાબત. તથા અરજદારની તા.૩–૮–૧૧ ની સરખા વિષય વસ્તુ બાબતેની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૫૪, તથા તા.૧૨–૯–૧૧ ની અપીલ નં.૨૫૮ ૨૦૧૧–૧૨

શ્રી કે.એ.ઘીવાલાની તા.૯–૮–૧૧ની અરજીથી વોર્ડ નં. ૧૨/૧૩૫૨વાળા મિલ્કત પૈકીમાં થયેલ રીપેરીંગ અંગે મુદ્દા નં.(૧) આપ મોકલાવેલ પેપર્સોમાં ૧૨/૧૩૫૨ ના રીપેરીંગ થયેલ ટેનામેન્ટના છે તો ૧૨/ ૧૩૫૨ માં તા. ૨૭–૩–૦૮ના રીપેરીંગની રજા માંગતી કરેલ અરજી તા. ૨૮–૩–૦૮ના રેકર્ડ પર દાખલ છે. જેનો એન્ટ્રી નં.સી.ઝેડ/એન્જી./ઈન/ ૨૨૬૩૧છે. તે તા. ૨૮–૩–૦૮ના દાખલ કરેલ અરજીવાળા રીપેરીંગ થનાર ટેનામેન્ટનો નંબર જણાવશો કે ૧૨/૧૩૫૨ વાળી મિલ્કત પૈકીમાં અરજી કરવામાં આવેલ છે. તા. ૨૭–૩–૦૮ના સૈયદ સબિયા, સૈયદ અબ્બાસ ધ્વારા નીચે મુજબનું રીપેરીંગ કરવાનુંછે એમ જણાવી રીપેરીંગ કરવાની રજા માંગતી અરજી કરેલ છે. તે અરજી કરવામાં આવેલ છે તે જ ટેનામેન્ટનો નંબર શું હતો ? જણાવશો. વિ. મુદ્દા નં. (૧) થી (૪) ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના પત્ર નં. એ.આર.ડી/૪૨ તા. ૩–૬–૧૧ થી તથા પત્રનં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૯૬૫ તા. ૬–૯–૧૧થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯– ૯–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. તથા અરજદારની તા.૩–૮–૧૧ ની સરખા વિષય વસ્તુ બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલી માહિતીની નારાજ થઈ તા.૧૨–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. આમ અરજદારનીતા.૯–૯–૧૧ ની અપીલ અરજી અને તા.૧૨–૯–૧૧ ની અપીલ અરજી આમ એક જ અરજદાર અને સરખા જાહેર માહિતી અધિકારી તેમજ સરખી વિષય વસ્તુ હોવાના કારણે સંયુકત જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા **તથા તેમના પત્ર નં. એ.આર.ડી.૪૨ તા. ૩–૬–૧૧ મુદ્દા નં. ૪નો પ્રત્યુત્તર અને પત્ર નં . સેન્ટ્રલઝોન/આરટીઆઈ/ આઉટવર્ડ/ ૯૬૫ તા. ૬–૯–૧૧ના મુદ્દા નં. ૨ પારસ્પરિક વિરોધાભાસી જણાતા હોઈ આધાર સહ સ્પષ્ટતા કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૭૯૯ તા.૧૯–૯–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને કાર્યવાહી હાથ ધરવા સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવી રહે તથા મળેલ માહિતીની નારાજગી અંગે અપીલ ચાલી શકે તેથી તેવી વિગતો જ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૬–૯–૧૧ ના રોજ પૂરક પત્ર મળેલ છે. જયારે અપીલ નં.૨૫૮ તા.૧૨–૯–૧૧ ની અપીલ બાબતેની જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૩૨ તા.૭–૧૦–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૬૨ તા.૨૩–૮–૧૧ ના પત્રની નકલ જેના સંદર્ભે અરજદારે માહિતી માટે

ભરેલા નાણા અંગે માહિતી પૂરી પાડતો સે.ઝોન/આ.નં.૯૨૧ તા.૨–૯–૧૧ ના પત્રની નકલ, સૈયદ સબીયાની તા.૨૭–૩–૦૮ ની અરજીની નકલ, સ્ટેબીલીટી રીપોર્ટ તા.૨૧–૩–૦૮ ના પત્રની નકલ, ટેના નં.૧૨એ–૧૫–૦૯૮૧ –૦–૦૦૧ સને ૨૦૦૭–૦૮ ના તા.૩૧–૧૨–૦૭ ના રોજ ભરપાઈ કરેલ વેરા પહોંચની નકલ, ઓઉઘલ મસ્જિદ ઈમામબાદા એન્ડ કબ્રસ્તાનનું તા.૨૫–૩–૦૮ ના રોજ નો ઓબ્જેશન ટ્રસ્ટનું સર્ટીફીકેટ ની નકલ , સુમપાના સ્થા.સ.ઠ. નં.૨૩તા.૧૯–૪–૭૯ ના ઠરાવની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૯–૮–૧૧ ની અરજીથી વોર્ડ નં. ૧૨/૧૩૫૨વાળા મિલ્કત પૈકીમાં થયેલ રીપેરીંગ અન્યની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૬૫ તા.૬–૯–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવામાં આવેલ. મુદ્દા નં.(૧) આપે મોકલાવેલ પેપર્સોમાં ૧૨/૧૩૫૨ ના રીપેરીંગ થયેલ ટેનામેન્ટના છે તો ૧૨/ ૧૩૫૨ માં તા. ૨૭–૩–૦૮ના રીપેરીંગની રજા માંગતી કરેલ અરજી તા. ૨૮–૩–૦૮ના રેકર્ડ પર દાખલ છે. જેનો એન્ટ્રી નં.સી.ઝેડ/એન્જી./ઈન/ ૨૨૬૩૧છે. તે તા. ૨૮–૩–૦૮ના દાખલ કરેલ અરજીવાળા રીપેરીંગ થનાર ટેનામેન્ટનો નંબર જણાવશો કે ૧૨/૧૩૫૨ વાળી મિલ્કત પૈકીમાં અરજી કરવામાં આવેલ છે. તા. ૨૭–૩–૦૮ના સૈયદ સબિયા, સૈયદ અબ્બાસ ધ્વારા નીચે મુજબનું રીપેરીંગ કરવાનુંછે એમ જણાવી રીપેરીંગ કરવાની રજા માંગતી અરજી કરેલ છે. તે અરજી કરવામાં આવેલ છે તે જ ટેનામેન્ટનો નંબર શું હતો ? જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં વોર્ડ નં.૧૨/૧૩૫૨ વાળી મિલ્કતમાં રીપેરીંગની જાણ કરતી અરજી તા.૨૭–૩–૦૮ થી આપેલ અરજીમાં રજૂ કરેલ વેરાબીલ મુજબ ટેના નં.૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) તા.૨૧–૩–૦૮ ના સ્ટેબીલીટી રીપોર્ટ જેમાં રજીસ્ટર્ડ સ્ટ્રકચરલ ડીઝાઈનર જેઓ સુરત મ્યુ. કોર્પોરેશનમાં રજીસ્ટર્ડ થયેલા છે તેમનો રજીસ્ટ્રેશન નંટીડીઓ/એસટીઆર/૧૩૬ છે તેમણે ૧૨ / ૧૩૫૨ પૈકીનો ટેના નં.૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ એટલે કે (૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧) સ્ટેબીલીટી રીપોર્ટ ઉપર (સ્ટ્રકચરલ ફોટા ઉપર) દર્શાવેલ છે તો ૧૨/૧૩૫૨ પૈકીમાં ટેના નં.૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧આવેલો છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં ટેના નં.૧૨એ–૧૫–૦૯૮૧ –૦–૦૦૧ તે ૧૨/૧૩૫૨ પૈકીમાં આવેલો છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) અમોને મોકલાવેલ ૧૨/૧૩૫૨ પૈકીમાં થયેલ રીપેરીંગ અંગેના પેપર્સ તા.૩–૨–૧૦ ના પત્ર સાથે તે પેપર્સો વાળુ ૨૮–૩–૧૧ પછી થયેલ રીપેરીંગ વાળા ટેનામેન્ટનો નંબર શું હતો? તપાસ કરી જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ મુજબ અરજદારે રજૂ કરેલ સ્ટેબીલીટી રીપોર્ટમાં ટેના નં.૧૨એ–૧૫–૦–૯૮૧–૦–૦૦૧ જણાવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) તા.૨૭–૩–૦૮ ના રીપેરીંગ કરવાની પરવાનગી માંગતી અરજી જે તા.૨૮–૩–૦૮ ના રેકર્ડ ઉપર દાખલ કરી સ્વીકારી મંજુરી આપેલ અને રીપેરીંગ થયેલ ટેનામેન્ટનો સાચો નંબર (આ અરજીવાળા ટેનામેન્ટ જેનો રીપેરીંગ માટે અરજી કરેલ છે તે જણાવવા નમ્ર અરજ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં તા.૨૮–૩–૦૮ નો રેકર્ડ ઉપર દાખલ કરી સ્વીકારેલ અરજીનો ટેના નં.૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ છે તેવું જણાવેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાય છે. પરંતુ અરજદારે આપેલી માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરતી હોવાનું જણાવી તા.૯–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ ટેના નંબર મિલ્કત નોંધ નં.૧૨/૧૩૫૭/અ–બ નો છે. જેના માલિક માણેકશા રતનશા ગ્યારા પ્રેસીડન્ટ ઓફ પારસી પંચાયત બોર્ડ સુરતના નામે દાખલ છે. જયારે ૧૨/૧૩૫૨ વાળી મિલ્કત ટ્રસ્ટ ઓફ મોગલ મસ્જિદ ઈમામવાળા એન્ડ કબ્રસ્તાન ટ્રસ્ટની મિલ્કતની છે. આથી સ્ટ્રકચરના ફોટામાં જણાવેલ તા.૨૭–૩–૧૧ ની અરજી સાથે ટેના નં.૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ રજૂ કરેલ પેપર્સ બોગસ છે આથી ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ના પ્લાન રજાચિઠ્ઠી વગર બનેલ બાંધકામ તા.૧–૪–૦૭ ના અસરથી રેકર્ડ ઉપર દાખલ છે. ગેરકાયદેસર બાંધકામને છુપાવવા આ કૃત્ય કરેલ છે અને ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની રજૂઆત કરેલ છે. આમ અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી ટેના નં.૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧જે ૧૨/૧૩૫૭/અ–બ ની મિલ્કતમાં અને ૧૨એ –૧૫ –૦૯૩૧ –૦–૦૦૧ જે ૧૨/૧૩૫૨ વાળી ના હોવા બાબતે તકરાર બાબતે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પ્રશ્ન તકરાર નિવારણને લગતો ઉપસ્થિત કરેલ છે તેમજ ગેરકાયદેસર બાંધકામ અને તેની દુર કરવાની કાર્યવાહીને લગતો પ્રશ્ન પણ મુળ અરજીથી અલાયદો ઉપસ્થિત કરેલ છે. જે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે છે. જે પ્રશ્ન અરજદારે તેમની તા.૨૬–૯–૧૧ ની પૂરક વિગતોમાં પણ જણાવેલ છે.

અરજદારની તા.૩–૮–૧૧ ની અરજીથી વોર્ડ નં.૧૨/૧૩૫૨ માંરીપેરીંગ બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી

તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૬૨ તા.૨૩–૮–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ. અરજદારના અરજીના મુદ્દા નં.(૧) વોર્ડ નં. ૧૨/૧૩૫૨ માં ૧૨A–૧૫–૦૯૩૧–૦–૦૧૧નંબરનો ટેનામેન્ટ આવેલ હતો અને બીજા અન્ય ટેનામેન્ટ આવેલ હતા. આમાંથી અમુક ટેનામેન્ટ નંબર તા. ૧–૪–૦૬ પછી (૧–૪–૦૬થી) ટેનામેન્ટ નં. ૧૨A– ૧૫–૦૯૩૧–૦–૦૦૧ માં, ૧૨A–૧૫–૦૯૩૧–૦–૦૧૧, ૦૧૪, ૦૨૦, ૦૨૨ ઉમેરવામાં આવેલ છે તો આ લખેલ ૪ ટેનામેન્ટમાંથી કયો (કયા નંબરનો) ટેનામેન્ટ રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળું રીપેરીંગ કરેલ છે ? આ ચાર ટેનામેન્ટમાં રીપેરીંગ થયેલાનો ટેનામેન્ટ નંબર જણાવશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં. ૧૨/૧૩૫૨ થી નોંધાયેલ મિલ્કત આકારણી દફતરે ટેના નં. ૧૨A–૧૫–૦૯૩૧–૦–૦૦૧ ,૦૧૧, ૦૧૪ , ૦૨૦, ૦૨૨ પૈકી માત્ર ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ દાખલ છે. જેનું કોમ્પ્યુટર રાઈઝડ પાર્ટી સ્ટેટસ પાના નંગ–૧ ના રૂા.૨/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) રીપેરીંગ થવાવાળો ટેનામેન્ટ કઈ તારીખે રીપેરીંગ કરેલ છે? મુદ્દા નં.(૩) રીપરીંગ કરવા લેવી પડતી મંજુરી માટે આવેલ અરજી રીપેરીંગની જરૂરત છે તે દર્શાવતા પુરાવા જેવા કે સ્ટેબીલીટી રીપોર્ટ, સ્ટ્રકચરના ફોટા, ભાડુઆત ધ્વારા કે ટ્રસ્ટી ધ્વારા આપવામાં (રજૂ કરવામાં) આવેલ પુરાવા વગેરેના પેપર્સની કોપી આરટીઆઈ હેઠળ અમોને ઉપલબ્ધ કરાવવા મહેરબાની, કોપી મેળવવા ભરવી પડતી જરૂરી ફી અમો ભરવા રાજી ખુશી છીએ. તેવા મુદ્દા નં.૨ અને ૩ ના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે જણાવવાનું કે સદર મિલકત બાબતે રીપેરીંગની જાણ કરતી અરજી આવેલ જેની સાથે રજૂ કરેલ પુરાવાની નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ–૫ પાના ના રૂા.૧૦/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૪૯૭૧૬૫ તા.૨૫–૮–૧૧ થી રૂા.૧૨/– ભરપાઈ કરેલ જે અંગે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૨૧ તા.૨–૯–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં તા.૨૭–૩–૦૮ ની અરજીની નકલ મકાન નં.૧૨/૧૩૫૨ સ્ટેબીલીટી રીપોર્ટ, તા.૨૦–૧–૦૮ સીરીઝ જે. શર્મા કન્સ્ટલટીંગ સ્ટ્રકચર એન્જી.નો રીપોર્ટ ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ ના ૨૦૦૭–૦૮ ની વેરાબીલની નકલ, તા.૨૫–૩–૧૧ ના રોજ ઓઉઘલ મસ્જિદ ઈમામબાદા એન્ડ કબ્રસ્તાનનું તા.૨૫–૩–૦૮ ના રોજ નો ઓબ્જેશન ટ્રસ્ટનું સર્ટીફીકેટ ની નકલ, સુમપાના રીપેરીંગ બાબતે સ્થા.સ.ઠ. નં.૨૩તા.૧૯–૪–૭૯ ના ઠરાવની નકલ પૂરી પાડેલ છે. આમ અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલી માહિતીથી નારાજ થઈ તા.૧૨–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે કયા ટેનામેન્ટ નંબર રીપેર કરવામાં આવ્યો તેની માહિતી આપેલ નથી. કઈ તારીખે રીપેર થયો તે તારીખ જણાવેલ નથી. તથા તા.૨૭–૩–૦૮ પછી રીપેરીંગ થયું હોય તેવી અરજદારે રજૂઆત કરેલ છે. તા.૨–૯–૧૧ ના રીપેરીંગ થવા વાળી મિલ્કતના હયાતી સ્ટ્રકચરના ફોટા તા.૨૧–૩–૦૮ ના મોકલેલ છે માંગેલ કોપીમાં મોકલેલ તે સ્ટ્રકચર સ્ટેબીલીટીના પેપર પર રીપેરીંગ થવાવાળા ટેનામેન્ટ નંબર ૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ દર્શાવેલ છે. આમ જે ૧૨/૧૩૫૨ વાળી મિલ્કતમાં આવેલ નથી. એટલે કે સાચો રીપેરીંગ નંબર ટેના મેન્ટ નંબર કયો હતો અને કઈ તારીખે રીપેર થયો તેવી માહિતીની માંગણીની રજૂઆત કરેલ છે.

આમ અરજદારની બંને અરજીઓમાં ધ્યાને લેતાં ૧૨/૧૩૫૨ વાળી મિલ્કતમાં જણાવેલ અરજદારને જાહેર માહિતી અધિકારીએ આપેલી માહિતીમાં આકારણી વોર્ડ નં.૧૨ /૧૩૫૨ મિલ્કતના ટેનામેન્ટ નં.૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૦૧,૦૧૧,૦૧૪,૦૨૦,૦૨૨ દર્શાવેલ છે. જયારે આપેલ સ્ટેબીલીટી રીપોર્ટમાં ૧૨/૧૩૫૨ માં ટેના નં. ૧૨એ–૧૫ –૯૮૧–૦–૦૦૧ નોંધાયેલ છે. આથી ૧૨/૧૩૫૨ ની મિલ્કતમાં ટેના નં.૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ વિવાદ હેઠળ છે. વધુમાં સદર ટેના નંબર અરજદારને તેઓની તા.૯–૫–૧૧ ની એઆરડી/૪૨ તા.૩–૬–૧૧ એ આપેલી માહિતીમાં સદર ટેનામેન્ટ નંબર ૧૨/૧૩૫૭/અ–બ માં આકારણી દફતરે પારસી પંચાયત બોર્ડની મિલ્કતમાં દાખલ હોવાનું પણ જણાવેલ છે. આથી અરજદારને સદર ટેનામેન્ટ નંબરો અને લાગત મિલ્કત અંગેના દફતરનું ઈન્સ્પેકશન પુરું પાડવાનું રહે.

સમગ્ર હકીકત જોતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને રીપીરીંગની અરજી બાબતેના દફતરી કાગળોની નકલ સહ ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારીના પત્ર તા.૩–૬–૧૧ ના મુદ્દા નં.૪ તથા તા.૬–૯–૧૧ ના મુદ્દા નં.૨ જોતાં પારસ્પરિક વિરોધાભાસી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અપીલ તબકકે કોઈ પ્રકાશ પાડી શકેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૮–૧૧ તથા તા.૩–૮–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી અને જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ અનુસાર આપવામાં આવેલી માહિતી બાબતે ૧૨/૧૩૫૨ અંગે જણાવેલ ટેનામેન્ટ નંબર નં.૧૨એ– ૧૫–૦૯૮૧–૦–૦૦૧ , નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ તથા નોંધ નંબર ૧૨/૧૩૫૭– અ અને બ બાબતે કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળના સબંધિત દફતરનું ઈન્સ્પેકશન કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરું પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અરજદારની તા.૯–૮–૧૧ ની અરજીની અપીલ સામે ગેરકાયદેસર બાંધકામ અને તેને દુર કરવાની કાર્યવાહી ને લગતી બાબતે મુળ અરજીથી અલાયદા અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી કે.એ.ઘીવાલા,